નવસારી કલેક્ટરની બ્લેક સ્પોટ દૂર કરવા તાકીદ, સુરક્ષા વ્યવસ્થામાં ખામી સામે તંત્રને સૂચનાઓ

# હાઈવે પર અકસ્માતો રોકવા તંત્ર એક્શનમાં

**NH-48 અને NH-56 પર સ્ટ્રીટલાઈટથી લઈને ક્રેશ બેરિયર સુધીની સુવિધાઓ ઊભી કરવા ભાર**

**ટ્રાફિક નિયમોના ભંગ બદલ માત્ર 13 દિવસમાં 1,737 કેસ નોંધાયા, 150 બસનું નિરીક્ષણ પૂર્ણ**

નવસારીઃ હાઈવે પર બેફામ દોડતાં વાહનો, જોખમી વળાંકો અને અપૂરતી સુરક્ષા વ્યવસ્થાઓને કારણે સર્જાતી અકસ્માતની સંભાવનાઓને ઘટાડવા નવસારી જિલ્લા વહીવટી તંત્રએ માર્ગ સલામતીના મુદ્દે ગંભીરતા દાખવી છે. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને યોજાયેલી જિલ્લા રોડ સેફ્ટી કમિટી અને હાઈવે સેફ્ટી કાઉન્સિલની બેઠકોમાં અકસ્માત સંભવિત વિસ્તારોની સુરક્ષા મજબૂત બનાવવા તથા ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવા અંગે ચર્ચા થઈ હતી.



બેઠકમાં ખાસ કરીને નેશનલ હાઈવે-48 અને 56 પરના બ્લેક સ્પોટને ધ્યાનમાં રાખીને સ્ટ્રીટલાઈટ, હેઝાર્ડ બોર્ડ, ક્રેશ બેરિયર અને બ્રિજ પર હાઈમાસ્ટ લાઈટની વ્યવસ્થા કરવા કલેક્ટરે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી હતી. અકસ્માતો સર્જાયા બાદ કાર્યવાહી કરવાને બદલે અકસ્માતની શક્યતાઓને અગાઉથી અટકાવવા જરૂરી પગલાં લેવા પર ભાર મૂકાયો હતો.

શાળાના બાળકોની સલામતી અંગે પણ આરટીઓ વિભાગની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. આરટીઓ અધિકારી આકાશ પટેલે જણાવ્યું હતું કે બાળકોની અવરજવર માટે ઉપયોગમાં લેવાતી આશરે 150 બસનું નિરીક્ષણ પૂર્ણ કરાયું છે. બાકી રહેલી બસો અને વાનનું પણ ચેકિંગ હાથ ધરાશે.

રસ્તા પરના દબાણો દૂર કરવાની કામગીરીમાં માર્ગ અને મકાન વિભાગે 15, માર્ગ અને મકાન પંચાયત વિભાગે 3, બીલીમોરા નગરપાલિકાએ 2 તથા ગણદેવી નગરપાલિકાએ 1 દબાણ દૂર કર્યું હોવાનું જણાવાયું હતું. દરમિયાન, 1થી 13 ઓક્ટોબર દરમિયાન પોલીસ વિભાગે NH-48 પર ટ્રાફિક નિયમોના ભંગ બદલ 1,323 અને સ્ટેટ હાઈવે-6 પર 414 મળી કુલ 1,737 કેસ નોંધ્યા હતા. જેમાં ઓવરસ્પીડ, લેનભંગ, નો-પાર્કિંગ અને સીટ બેલ્ટના નિયમભંગનો સમાવેશ થાય છે. બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ સહિત વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જો કે હાઈવે પર સુરક્ષાનાં સાધનોની વ્યવસ્થા, બ્લેક સ્પોટનું નિવારણ અને ટ્રાફિક નિયમોનું પાલન કાગળ પરની સમીક્ષાથી આગળ વધીને સ્થળ પર કેટલું અસરકારક બને છે તે જોવું રહ્યું.




# મા જગદંબાના પર્વમાં મા શક્તિનાં નવ રૂપોનાં દર્શન

બીલીમોરાઃ બીલીમોરા ઇન્ટરનેશનલ સ્કૂલ (BIS), પાટી ખાતે 'BIS શક્તિ પર્વ-2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'શક્તિનું સ્વરૂપ, સંસ્કૃતિનું ગૌરવ'ની થીમ સાથે યોજાયેલા આ બે દિવસીય મહોત્સવમાં પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. બે દિવસ દરમિયાન અંદાજે 4 થી 5 હજાર લોકોએ કાર્યક્રમ નિહાળ્યો હતો. વિદ્યાર્થીઓએ નવરાત્રિના પાવન પર્વને અનુરૂપ માતાજીનાં વિવિધ સ્વરૂપો, પરંપરાગત વેશભૂષા, ગરબા દ્વારા ભારતીય સંસ્કૃતિની ભવ્યતાને જીવંત કરી હતી. આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ભારતીય પરંપરાનાં મૂળ મૂલ્યો સાથે જોડવાનો હતો.



## ન પાસનો ભાર, ન જાહેરાતોનો પ્રચાર, આજે પણ ગરબાની પરંપરા જીવંત

નવસારીઃ નવરાત્રિ પર્વની પરંપરા નવસારીના તીઘરા સ્થિત શ્રી સમસ્ત લેઉવા પાટીદાર સમાજ ટ્રસ્ટે સતત ૨૧ વર્ષથી જાળવી રાખી છે. આ આયોજનની વિશેષતા એ છે કે અહીં ગરબામાં ભાગ લેવા માટે કોઈ પાસ કે પ્રવેશ ફી રાખવામાં આવી નથી. જાહેરાતો અને વ્યાપારી હેતુઓથી દૂર રહીને માતાજીની આરાધના કરવાનો અવસર મળે તેવો અભિગમ અપનાવવામાં આવ્યો છે. મહેશભાઈ પટેલ, રાજુભાઈ પટેલ અને 'શ્રી સરગમ ક્લબ'ના કલાકારો દ્વારા રજૂ થતાં ગરબા અને ભક્તિગીતો ઉત્સવમાં વિશેષ રંગ ભરી રહ્યા છે. વધુમાં ગરબા મહોત્સવ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવે છે.



# રજિસ્ટ્રેશન વિભાગના કર્મીઓનો કાળી પટ્ટી ધારણ કરી વિરોધ

**વકીલો અને બિલ્ડરોનું પણ સમર્થન**

નવસારીઃ ગુજરાત રાજ્ય રજિસ્ટ્રેશન વિભાગના કર્મચારીઓની પડતર માંગણીઓના નિરાકરણ અંગે સરકાર અને કર્મચારી મંડળ વચ્ચે યોજાયેલી બેઠકો બાદ પણ લેખિત બાંહેધરી ન મળતાં કર્મચારીઓએ શનિવારે, તા. 17 ઓક્ટોબરના રોજ પ્રતીકાત્મક વિરોધ નોંધાવ્યો હતો. રાજ્યભરના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત કર્મચારીઓ સત્તાવાર વોટ્સએપ ગ્રૂપમાંથી પણ બહાર નીકળ્યા હતા. દરમિયાન, રજિસ્ટ્રેશન વિભાગની કામગીરી સાથે સંકળાયેલા અન્ય વર્ગોએ પણ આ મુદ્દે પોતાની ચિંતા વ્યક્ત કરી છે. દસ્તાવેજ નોંધણીની કામગીરીમાં સામાન્ય નાગરિકો, વકીલો અને બિલ્ડરોને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોવાની રજૂઆતો થઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વકીલો અને બિલ્ડરો સહિતના સંબંધિત વર્ગોએ કર્મચારીઓની રજૂઆતોને સમર્થન આપ્યું છે.

# વિજલપોર ફાટક ગરનાળુંઃ ગટરનાં પાણી, ગંદકીથી મુક્તિ ક્યારે મળશે?

**164 કરોડના વિકાસ આયોજન વચ્ચે વર્ષોથી સમસ્યાઓની ભરમાર, કાયમી ઉકેલની માંગ**

નવસારીઃ શહેરમાં વિકાસલક્ષી કામો માટે 164 કરોડની ગ્રાન્ટ મંજૂર થયાની ચર્ચા વચ્ચે વિજલપોર ફાટક પાસે આવેલા ગરનાળાની સમસ્યા ફરી ધ્યાન પર આવી છે. ગરનાળામાં ગટરનાં ગંદાં પાણી અને કચરાનો ભરાવો થતો હોવાની સ્થાનિકોની ફરિયાદ છે. તેના કારણે આસપાસના વિસ્તારમાં દુર્ગંધ ફેલાતી હોવાથી સ્થાનિક રહીશો અને અહીંથી પસાર થતાં નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



ગરનાળાની હાલતને કારણે લોકોને અવરજવરમાં મુશ્કેલી પડે છે. કેટલાક લોકો દ્વારા જોખમ વચ્ચે રેલવે ટ્રેક ઓળંગીને પસાર થવાની સ્થિતિ ઊભી થતી હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

સ્થાનિક અગ્રણીઓના જણાવ્યા મુજબ, ગરનાળાની સમસ્યાનો લાંબા સમયથી ઉકેલ આવ્યો નથી. મહાનગરપાલિકાના અધિકારીઓ સ્થળની મુલાકાત લઈને ગટરનાં પાણીના નિકાલ માટે યોગ્ય ટેકનિકલ વ્યવસ્થા કરે અને ગરનાળાની નિયમિત સફાઈ તથા જરૂરી સમારકામ હાથ ધરે તેવી માંગ કરવામાં આવી છે. સ્થાનિકોએ સમયમર્યાદામાં કામગીરી શરૂ કરવા વિનંતી કરી છે અને સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે.

# વઘઈમાં ઓસ્ટ્રેલિયા વર્ક વિઝાના નામે રૂ.૧૦.૩૮ લાખની ઠગાઈ

**નિવૃત્ત SRPF જવાનને બે પુત્રી, જમાઈને નોકરી અપાવવાની લાલચ આપનાર અમદાવાદના એજન્ટ સામે ફરિયાદ**

સાપુતારાઃ વઘઈ તાલુકાના માછળી ગામના નિવાસી અને નિવૃત્ત S.R.P.F જવાન જયરામભાઈ કાળુભાઈ બાગુલે અમદાવાદ સ્થિત ઈમિગ્રેશન એજન્ટ વિરુદ્ધ રૂ.૧૦,૩૮,૦૦૦ની છેતરપિંડી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યા અંગે વઘઈ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, આરોપી હિતેશભાઈ નગીનભાઈ પટેલ અને તેની પત્ની શિવાંગીબેન હિતેશભાઈ પટેલ (રહે., અમદાવાદ) ઈમિગ્રેશન એજન્ટ તરીકે કામ કરે છે. તેણે ફરિયાદીની બે પુત્રી (તૃપ્તિબેન અને ગૌતમીબેન) તથા જમાઈ (રવિભાઈ રસિકભાઈ પટેલ)ને ઓસ્ટ્રેલિયા મોકલવાના નામે વિશ્વાસમાં લીધા હતા.

આરોપીએ વિઝા પ્રોસેસિંગના બહાને કુલ ૧૦,૩૮,૦૦૦ ની રકમ પોતાના, પોતાની પત્નીના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધી હતી. જોકે, આટલી મોટી રકમ મેળવ્યા બાદ પણ આરોપીએ કોઈ વિઝા પ્રોસેસ કરી ન હતી.

8 મહિના બાદ ફરિયાદી અને તેમના જમાઈએ પોતાના નાણાં પરત માગ્યા ત્યારે આરોપી હિતેશ પટેલે ફોન નંબર બ્લોક કરી દીધા હતા.

ફરિયાદીએ વકીલ મારફતે મોકલેલી નોટિસનો સ્વીકાર કરવાને બદલે આરોપીએ વોટ્સએપ મેસેજ અને કૉલ મારફતે ફરિયાદીને સાયબર તથા મહિલા પોલીસ સ્ટેશનમાં ખોટા કેસમાં ફસાવી દેવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જયરામ બાગુલેની ફરિયાદના આધારે વઘઈ પોલીસે તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાપુતારા-વઘઈ હાઈવે પર ટાટા ચેસીસ ગાડી પલટી મારી ગઈ




સાપુતારાઃ ડાંગના સાપુતારાથી વઘઈને જોડતા આંતરરાજ્ય ધોરીમાર્ગ પર બારીપાડા-બોરીગાવઠા ફાટક નજીક ટાટા ચેસીસ ગાડી પલટી જતાં અકસ્માત સર્જાયો હતો. પુણેથી અમદાવાદ તરફ જઈ રહેલી આ ગાડીના ચાલકે વળાંક પર સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગાડી બેકાબૂ બની હતી. અકસ્માતમાં ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો.

### ગણદેવી સ્મશાનભૂમિ પાસેથી ગાંજાના જથ્થા સાથે આધેડ ઝડપાયો



બીલીમોરાઃ ગણદેવી પોલીસે બાતમીના આધારે ગણદેવીના દેસાઈનાકા પાસે આવેલી સ્મશાનભૂમિ નજીક ખુલ્લી જગ્યામાંથી શબ્બીર હમીદ તાઇ (ઉં.વ.૫૦, રહે., ગણદેવી)ને ઝડપી પાડી ૨૩.૮૧ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો (કિંમત રૂ.૨,૧૦૦) તેમજ રિક્ષા (નં.જીજે ૧૫ વાય ૮૪૪૦) (કિંમત રૂ.30 હજાર) મળી કુલ રૂ.૩૨,૧૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. ગાંજો આપનાર અન્ય એક અજાણ્યા મુસ્લિમ ફકીરને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

### ડાંગ જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ




સાપુતારાઃ ડાંગ જિલ્લા સેવા સદન, આહવા ખાતે જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સંકલન-વ-ફરિયાદ સમિતિ'ની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઇ ગામીતે જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં બસ સુવિધાઓ પહોચાડવા, પાણી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા તેમજ નેટવર્ક સમસ્યા હલ કરવા અધિકારીઓને જણાવ્યું હતું. સાથે વન અધિકાર હેઠળ જંગલ જમીનના પેંન્ડીગ દાવાઓનો હકારાત્મક નિકાલ લાવી હકદારને જમીન આપવા માટે ઝડપી કાર્યવાહી કરવા માટે જણાવ્યું હતું.

### મોગરાવાડી ખાતે 75 લાખના ખર્ચે તૈયાર થયેલા 'વન કવચ'નું લોકાર્પણ



ઘેજઃ સામાજિક વનીકરણ વિભાગ, નવસારી દ્વારા સેવા ચીખલીના મોગરાવાડી ખાતે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં 'વન કવચ' લોકાર્પણ અને લોકસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલે ઉદ્યોગોના વિકાસની સાથે જંગલો અને વૃક્ષોનું જતન કરવું કેટલું આવશ્યક છે તે સમજાવ્યું હતું. રૂ.૭૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા આ વન કવચમાં 30,000 રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં નાયબ વન સંરક્ષક ઉર્વશી પ્રજાપતિ, આર.એફ.ઓ., સરપંચ સહિત સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### વિજલપોરમાં 34 વર્ષીય યુવકે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

નવસારીઃ નવસારીના વિજલપોરમાં રહેતા 34 વર્ષીય યુવકે ફ્લેટમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ છે.

શારદા મંદિર સ્કૂલ નજીક આવેલા રાધે ક્રિષ્ના એપાર્ટમેન્ટમાં ઘટના બની હતી. મૃતક કૃણાલ મહેશભાઈ રાણા બેરોજગાર હતા. પત્ની સાથે છૂટાછેડા થયા બાદ તેઓ માનસિક તણાવમાં રહેતા હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે. ગત 16 ઓક્ટોબરના રોજ બપોરે આશરે અઢી વાગ્યા પહેલાં તેમણે એપાર્ટમેન્ટના બાજુના G-4 ફ્લેટમાં જઈ છતના પંખા સાથે ટુવાલ બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આત્મહત્યા પાછળનાં ચોક્કસ કારણો જાણવા જલાલપોર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વઘઈમાં મનરેગાનું પેમેન્ટ એજન્સીએ ન ચૂકવતાં મજૂરોની સ્થિતિ કફોડી

**'અમૂલ્ય એસોસિએટ' નામનાં ખાતામાં રકમ જમા થયા છતાં ચૂકવણી અટકી!**

સાપુતારાઃ વઘઈ તાલુકામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ મજૂરી કામ કરતાં ગરીબ અને આદિવાસી મજૂરો અત્યારે ભારે આર્થિક સંકટમાં મુકાયા છે. મળતી માહિતી મુજબ, વઘઈ તાલુકા પંચાયત દ્વારા નરેગા યોજના હેઠળ કામ કરી ચૂકેલા મજૂરોના મહેનતાણાની રકમ 'અમૂલ્ય એસોસિએટ' નામની એજન્સીના બેંક ખાતામાં જમા કરાવી દેવામાં આવી છે. જોકે, સરકારી સ્તરેથી નાણાં ટ્રાન્સફર થઈ ગયા હોવા છતાં, આ એજન્સી દ્વારા મજૂરોના ખાતામાં અથવા હાથ પર ચૂકવવાની થતી રકમ સમયસર ન ચૂકવાતા સ્થાનિક શ્રમિકોમાં ભારે રોષ અને અસંતોષ વ્યાપી ગયો છે. પોતાના પરસેવાની કમાણી અને કાયદેસરનું પેમેન્ટ મેળવવા માટે શ્રમિકોને તાલુકા પંચાયત અને એજન્સીના ધક્કા ખાવાની વારંવાર ફરજ પડી રહી છે. આદિવાસી અને અત્યંત ગરીબ પૃષ્ઠભૂમિ ધરાવતા આ મજૂરો માટે દૈનિક રોજીરોટી જ જીવનનિર્વાહનો મુખ્ય આધાર હોય છે, ત્યારે લાંબા સમયથી મજૂરીનું પેમેન્ટ ન મળવાના કારણે તેમના પરિવારના પાલનપોષણ, બાળકોના શિક્ષણ અને રોજિંદા ઘરખર્ચ ચલાવવામાં ભારે વિષમ પરિસ્થિતિ નિર્માણ પામી છે.

### નશીલપોરમાં બંધ ફાર્મ હાઉસમાંથી ચોરો ગાદલાઓ પણ ઉઠાવી ગયા

નવસારીઃ નવસારી તાલુકાના નશીલપોર ગામની સીમમાં આવેલા બંધ ફાર્મ હાઉસને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હતો. ફાર્મ હાઉસમાંથી CCTV કેમેરા, DVR અને છ ગાદલાં મળી કુલ 10 હજારની મત્તા ચોરી થતાં નવસારી ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. સુરતના ઉધના-મગદલ્લા રોડના વતની અને વ્યવસાયે વકીલ પ્રજ્ઞેશભાઈ પ્રવીણચંદ્ર ઘુઘરીવાલાનું નશીલપોર ગામમાં ફાર્મ હાઉસ આવેલું છે. ગત 24 ઓગસ્ટથી 5 સપ્ટેમ્બર દરમિયાન કોઈ અજાણ્યો ફાર્મ હાઉસમાં ઘૂસ્યો હતો. તેણે બહાર લગાવેલો અંદાજે 3 હજારનો CCTV કેમેરો કાઢી લીધો હતો. ત્યારબાદ બાથરૂમની બારી મારફતે ઘરમાં પ્રવેશ કરી 4 હજારની કિંમતનું DVR તથા 3 હજારની કિંમતનાં છ કોટનનાં ગાદલાં ચોરી લીધાં હતાં. ફાર્મ હાઉસના માલિકે નવસારી ગ્રામ્ય પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

# વાંસદાના ભીનારમાં કાર વૃક્ષ સાથે અથડાતાં લસણપોરના યુવાનનું મોત

**કારચાલકને ગંભીર ઇજા, પોલીસે તપાસ હાથ ધરી**

વાંસદાઃ સુરત જિલ્લાના અંબિકા તાલુકાના લસણપોર ગામે રહેતા પાર્થ ચેતનભાઈ પટેલ પોતાની અલ્ટો કાર નંબર GJ-26-A-9936 માં પોતાના ફળિયામાં જ રહેતા મીત જયંતીભાઈ પટેલ (ઉં.વ.૨૩) સાથે શુક્રવારે સાંજે આશરે સાત વાગ્યાના અરસામાં વાંસદા-ચીખલી માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન ભીનાર ગામની હદમાં ખડકડા સર્કલ આગળ કારચાલક પાર્થ પટેલે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર માર્ગની બાજુમાં આવેલા વૃક્ષ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર મીત પટેલ અને પાર્થ પટેલને ગંભીર




ઈજાઓ પહોંચી હતી. જેમાં મીત પટેલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત પાર્થ પટેલને ૧૦૮ મારફતે વાંસદાની કોટેજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી વધુ સારવાર અર્થે તેને નવસારીની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે મૃતક મીત પટેલના કાકા મહેશભાઈ પટેલે કારચાલક પાર્થ પટેલ વિરુદ્ધ ફરિયાદ આપતા વાંસદા પોલીસે ગુન નોંધી તપાસ હાથ ધરી છે.






## જાહેર નોટીસનો જાહેર જવાબ

જત હમારા અસીલો (૧) સવિતાબેન નગીનભાઈ પટેલ વિગેરે રહે- પરસોલી, તા- જલાલપોર નાઓની સુચના અને ફરમાયેશ થયેથી આપની ગુજરાત સમાચાર દૈનિક ન્યુઝ પેપરમાં અપાવેલ જાહેર નોટીસનો લેખિત જવાબ નીચે આપવામાં આવેલ છે.

(૧) જીલ્લા-નવસારીનાં તાલુકા-જલાલપોરનાં મોજે પરસોલી ગામના ખાતા નંબર- ૧૯૩ થી નોંધાયેલ જુનો બ્લોક/સર્વે નંબર-૨૮૭, નવો બ્લોક/સર્વે નંબર-૨૯૭ વાળી જમીન તેના લાગતા વળગતા હક્ક-હિત સહિતની.

(૨) આપની નોટીસમાં દર્શાવેલ કુલ્લે ૨૭ ઈસમો જેમાં અનુક્રમે (૧) મોતીભાઈ ધનજીભાઈ વિગેરે નાઓ પાસેથી આપના અસીલે વેચાણ રાખવાનું નક્કી કરેલ હોય અને સદરહું જમીનમાં જો કોઈનો હક્ક-હિત સંબંધ લાગ-ભાગ, દર-દાવો, સફીલદારી, ટાઈટલ અલાખો હોય તો તેઓએ દિન-૦૭ માં વાંધા રજુ કરવા જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ. સદર નોટીસનો જાહેર જવાબ નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(૩) સદરહું મિલકતના મૂળ માલિક મીઠીબેન ગોવનભાઈ ગોસાઈનાઓ ચાલી આવેલા અને તેમના સંતાનોમાં (૧) મરહુમ ધનજીભાઈ ગુલાબ (૨) બસુલ ગુલાબ, (૩) અમરત ગુલાબ (૪) નાનુભાઈ ગુલાબ (૫) શાંતાબેન ગુલાબ નાઓ ચાલી આવેલા ત પૈકી ધનજીભાઈ ગુલાબનાઓ અવસાન પામતા તેમની રેકર્ડ દફતરે વારસાઈ કરવામાં આવતા તેમની વિધવા કાશીબેન (પુત્ર) નગીનભાઈ (પુત્ર), મોતીભાઈ (પુત્ર) નાનુભાઈ (પુત્ર), ઈશ્વરભાઈ (પુત્ર) મંજુબેન (પુત્રી) લક્ષ્મીબેન (પુત્રી), દિવાળીબેન (પુત્રી) નાઓ વારસાઈ હક્કે રેકર્ડ દફતરે ચાલી આવેલ. એજ રીતે નાનુભાઈ અવસાન પામતા તેમની પણ વારસાઈ કરાવતા તેમની વિધવા જશુબેનનું નામ વારસાઈ હક્કે રેકર્ડ દફતરે ચાલી આવેલ. આમ, ઉપરોક્ત હકીકતમાં નોટીસના વિષયવસ્તુવાળી મિલકતનાં કુલ્લે ૫ વારસદારો ઉપર જણાવ્યા મુજબના ચાલી આવેલ જે પૈકી એક વારસદાર ધનજીભાઈ ગુલાબની વારસાઈ થતા તેમના વારસદાર રેકર્ડ દફતર પર ચાલી આવેલ. જે હકીકતમાં નોટીસનાં વિષયવસ્તુવાળી મિલકતમાં કુલ્લે પાંચ વારસદાર ચાલી આવેલ હોય જે હકીકતમાં ધનજીભાઈ ગુલાબભાઈ હિસ્સે ૧/૫ મો વણ-વહેંચાયેલ હક્ક-હિસ્સો ચાલી આવેલ હતો અને છે અને ધનજી ગુલાબ ના વણ-વહેંચાયેલ ૧/૫ મો હક્ક-હિસ્સાનો તેમના ઉપર જણાવ્યા મુજબનાં વારસદારોને પણ વણ-વહેંચાયેલ હક્ક-હિસ્સો ચાલી આવેલ હતો અને છે જે વણ-વહેંચાયેલ હક્ક-હિસ્સાઓ પણ વહેંચણ કરેલ ન હતા કે નથી. જે હકીકતમાં આપની નોટીસમાં જણાવ્યા મુજબ હમારા અસીલોએ આપના અસીલને કે અન્ય કોઈપણ ઈસમ, વ્યક્તિ અગર સંસ્થાને વેચાણના કરાર કે વેચાણના મૌખિક કરાર કે અન્ય કોઈપણ ટ્રાન્સફર કરારો હેઠળ સદરહું મિલકત વેચાણ કરેલ ન હતી કે નથી કે હમારા અસીલોએ આપના અસીલ પાસેથી કે અન્ય કોઈપણ ઈસમ, વ્યક્તિ અગર સંસ્થાન પાસેથી કોઈપણ જાતનો પ્રકારનો અવેજ સ્વીકારી તે મતલબની રસીદ પહોંચ પણ સુપ્રત કરેલ ન હતી કે નથી. જેથી આપના અસીલને કે અન્ય કોઈપણ ઈસમ, વ્યક્તિ અગર સંસ્થાન ને આવો કહેવાતો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લેવાને કે કરાવી લેવાને હમારા અસીલે કોઈ પાવર ઓફ એટર્નીકે સીધી રીતે કોઈ સહી-શાખ કરી આપેલ ન હતા કે નથી જેથી આપના અસીલ કે અન્ય કોઈપણ ઈસમ, વ્યક્તિ અગર સંસ્થાન દ્વારા જો કોઈપણ પ્રકારના નોટીસનાં વિષયવસ્તુવાળી મિલકતના ટ્રાન્સફર અંગેના વ્યવહારો વેચાણ, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતના વ્યવહારો કરશે કરાવશે તો તે અંગે આવી કોઈ વ્યક્તિ, શખ્સ અગર સંસ્થાને કે આપના અસીલને કોઈ હક્ક-હિત કે અધિકાર પ્રાપ્ત થશે નહીં અને તે અંગે હમારા અસીલની કોઈ અંગત જવાબદારીઓ ઉત્પન્ન થશે નહીં કે રહેશે નહીં. અને આવા પ્રકારનાં કહેવાતા મિલકત ટ્રાન્સફર અંગેના વ્યવહારો જેવા કે વેચાણ, બક્ષિસ કે અન્ય કોઈપણ વ્યવહારો રદ થવાને પાત્ર હતા અને છે.

મારી સુચના અને ફરમાયેશ અન્વયે નોટીસ ખરી અને બરાબર છે.

સવિતાબેન નગીનભાઈ પટેલ તથા વિગેરેના વહીવટકર્તા
તા. ૧૬-૧૦-૨૦૨૬

અસીલની સુચના અને ફરમાયેશ અન્વયે,
અનિલ સી. ક્રિશ્ચિયન એડવોકેટ
૨/૨૮૭૮, ''બ્લેસ'' અગીયારી સ્ટ્રીટ, મલેસર, નવસારી-૩૯૬૪૪૫. મોઃ ૯૮૨૫૧ ૮૧૬૨૬